# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યમાં ખાનગી વિઝિટીંગ તજજ્ઞ તબીબોના લઘુત્તમ વેતનમાં વધારો કરાયો.
2. વરસાદના કારણે પૂરક પરીક્ષા આપવા ન પહોંચી શકનારા વિદ્યાર્થીઓ માટે ફરી પરીક્ષા લેવાશે
3. રાજ્યના દરેક ગામડાને હવે હાઈસ્પીડ ઇન્ટરનેટ સેવાનો લાભ મળશે. ભારત નેટ પરિયોજનાના ત્રીજા તબક્કાનો શુભારંભ થશે
4. અમદાવાદમાં 20 હજારથી વધુ પોલીસ જવાનો સાથે રથયાત્રાના સમગ્ર રૂટ પર રિહર્સલ કરાયું
5. દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ – સૌથી વધુ નવ ઇંચ જેટલો વરસાદ નાંદોદ તાલુકામાં

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TABIB VETAN VADHARO

રાજ્યની જિલ્લા હૉસ્પિટલ, પેટા-હૉસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા ખાનગી વિઝીટીંગ તજજ્ઞ તબીબોના માનદ વેતનમાં એક હજાર 200 રૂપિયાનો વધારો કરાયો છે. ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપી.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી) (0.28 થી 0.55)**

આ ઉપરાંત રાજ્યની સરકારી મેડિકલ કોલેજો, G.M.E.R.S. સંચાલિત મૅડિકલ કૉલેજો સંલગ્ન હૉસ્પિટલ્સમાં ફરજ બજાવતાં વિઝીટીંગ નૉન-સર્જિકલ સુપર સ્પેશિયાલિસ્ટને ત્રણ કલાકની ફરજિયાત સેવા બદલ પ્રતિ દિવસ આઠ હજાર 500 રૂપિયા ચૂકવાશે.

. . . . . . . . . . .

# AROGYA SANSTHA NANAKIYA SATTA

રાજ્ય સરકારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- P.H.C.થી મૅડિકલ કૉલેજ સુધીની નાણાકીય સત્તામાં વધારો કર્યો છે. ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, આરોગ્ય સંસ્થાઓમાં નાણાકીય સત્તામાં વધારો કરવા અને તે માટેની ખરીદ સમિતિઓમાં આવશ્યક ફેરફાર કરવા અંગે નિર્ણય લેવાયો છે.

આરોગ્ય સેવાઓની કાર્યક્ષમતા અને અસરકારકતામાં વધારો થતા લોકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ થશે તેમ પણ તેમણે ઉમેર્યું.

. . . . . . . . . . .

# RE EXAMINATION

રાજ્યમાં હાલમાં વરસાદના કારણે કેટલાક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવા શાળાએ પહોંચી નથી શક્યા અથવા તો ચૂકી ગયા છે. આવા વિદ્યાર્થીઓની આગામી સમયમાં ફરી પરીક્ષા લેવાશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, આ પૂરક પરીક્ષા પૂર્ણ થયા પછી શિક્ષણ વિભાગ દ્વારા બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આપવા નવી વ્યવસ્થા કરાશે.

**(બાઈટઃ પ્રફૂલ પાનશેરિયા, શિક્ષણ રાજ્યમંત્રી)**

. . . . . . . . . . .

# BHARAT NET PHASE THREE

રાજ્યના દરેક ગામડાને હવે હાઈસ્પીડ ઇન્ટરનેટ સેવાનો લાભ મળશે. રાજ્યમાં એમેન્ડેડ ભારતનેટ પરિયાજનાના ત્રીજા તબક્કાનો શુભારંભ થશે. આ તબક્કા હેઠળ 14 હજાર 287 ગ્રામ પંચાયત અને ત્રણ હજાર 895 ગામને આધુનિક ડિજિટલ કનેક્ટિવિટી માળખા સાથે જોડાશે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં ભારતનેટ ફેઝ-3ની અમલીકરણ કામગીરી માટે ગાંધીનગર ખાતે રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત ફાયબર ગ્રિડ નેટવર્ક લિમિટેડ, ભારત સરકારના ડિજિટલ ભારતનિધિ તેમજ ભારત સંચાર નિગમ લિમિટેડ વચ્ચે ચાર પક્ષીય કરાર થયા છે. સાથે જ રાજ્ય આધારિત મૉડેલમાં ભારતનેટના ત્રીજા તબક્કાના અમલીકરણ માટે મૅમોરેન્ડમ ઑફ કો-ઑપરેશન પર હસ્તાક્ષર કરનાર પણ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. હાલમાં ગુજરાત 95 ટકા નેટવર્ક અપટાઈમ સાથે દેશમાં પ્રથમ સ્થાને છે.

. . . . . . . . . . .

# RTE ADMISSION

રાજ્યમાં ગત 12 વર્ષમાં શિક્ષણના અધિકાર- R.T.E. કાયદા હેઠળ શાળાઓમાં બાળકોના પ્રવેશની ફાળવણીમાં વધારો થયો છે. વર્ષ 2013માં આ કાયદા હેઠળ 432 વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ ફાળવાયો હતો. જ્યારે આ વર્ષે આ સંખ્યા વધીને 95 હજાર 494એ પહોંચી છે.

અત્યાર સુધી આ કાયદા હેઠળ રાજ્યના છ લાખથી વધુ વિદ્યાર્થીઓને એક હજાર 57 કરોડ રૂપિયાની સહાય અપાઈ છે. R.T.E. કાયદા હેઠળ પ્રવેશ મેળવવાની આવકમર્યાદા વધારીને છ લાખ કરવામાં આવી છે. તેવામાં અભ્યાસની આનુષંગિક વસ્તુઓ ખરીદવા પ્રતિ વર્ષ વિદ્યાર્થીદીઠ ત્રણ હજાર રૂપિયાની સહાય D.B.T. મારફતે ચૂકવનારું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## RATHYATRA REHEARSAL

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રાની તૈયારીના ભાગરૂપે પોલીસે આજે રથયાત્રાના સમગ્ર રૂટ પર રિહર્સલ એટલે કે પૂર્વાભ્યાસ કર્યો. આ રિહર્સલમાં ઉચ્ચ અધિકારીઓ સહિત 20 હજારથી વધુ પોલીસ જવાનો જોડાયા હતા. સાંભળીએ અમદાવાદના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(V/C- ASHISH PANCHAL, PTC, AMDAVAD)**

. . . . . . . . . . .

# RATHYATRA CM MEETING

અમદાવાદમાં અષાઢી બીજના દિવસે યોજાનારી ભગવાન જગન્નાથની 148મી રથયાત્રામાં આ વખતે પહેલી વાર ભીડ વ્યવસ્થાપન અને આગના બનાવથી સાવચેત રહેવા કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I.નો ઉપયોગ કરાશે. તેમજ I.G. કક્ષાના અધિકારીઓથી લઈ પોલીસકર્મીઓ મળી કુલ 23 હજાર 884 સુરક્ષાકર્મીઓ રથયાત્રામાં ફરજ પર તહેનાત રહેશે.

જ્યારે ટ્રાફિક નિયમન માટે એક હજાર કર્મચારીઓ અને 23 જેટલી ક્રેઈનની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે 227 કૅમેરા, 41 ડ્રોન, બે હજાર 872 બોડીવૉર્ન કૅમેરા અને 240 ધાબા પૉઈન્ટ, 25 વૉચ ટાવર દ્વારા જીવંત દેખરેખ રખાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રથયાત્રાને સફળતાપૂર્વક પાર પાડવા પોલીસ તંત્રની સજ્જતાની સમીક્ષા કરવા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી.

. . . . . . . . . . .

# RAIN-OVERALL

દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સતત બીજા દિવસે ભારે વરસાદ યથાવત છે.

રાજ્યમાં કેટલાક દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. આજે રાજ્યના 120 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધારે નવ ઇંચ જેટલો વરસાદ નર્મદાના નાંદોદ તાલુકામાં વરસ્યો છે, જ્યારે નર્મદાના

તિલકવાડા, દાહોદના દાહોદ, પંચમહાલના શહેરા સહિત 14 તાલુકામાં પાંચ ઇંચ અને તેનાથી વધુ વરસાદ થયાના અહેવાલ છે.

સુરત શહેર અને જિલ્લામાં ગઈકાલથી અત્યાર સુધીમાં સૌથી વધુ 13 ઈંચ જેટલો વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. પુણા કુંભારિયા પાસે ખાડીમાં કેટલાક યુવક તણાયા. હજી પણ એક યુવક ગુમ હોવાનું જણાયું છે. જ્યારે સરથાણાનું આખું પોલીસમથક પાણીમાં ગરકાવ થતાં મહિલા A.S.I.એ ગળાડૂબ પાણીમાં ત્રણ લોકોને સલામત રીતે બહાર કાઢ્યાં. સાંભળીએ અમારાં પ્રતિનિધિનો અહેવાલ.

**(બાઇટ – લોપા દરબાર, સુરત)**

પલસાણા તાલુકાના ગાંગપુર ખાતે વરસાદી પાણી ભરાતાં 135 લોકોને તેમજ ધામડોદ ગામથી 14 લોકોને સ્થળાંતર કરીને સલામત સ્થળે ખસેડાયા. તો બલેશ્વર ખાડીમાં પાણી ભરાતા છ ગામના માર્ગ બંધ કરાયા.

પંચમહાલમાં બપોરથી વરસાદને લઈ ગોધરા, હાલોલ સહિતના શહેરના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા. જિલ્લામાં ઉપરવાસમાં વરસાદને લઈ મોરવા-હડફ જળાશયના બંધમાંથી પાણી છોડતા આસપાસના ગામોને સાવચેત કરાયા.

મહીસાગરના ખાનપુર, સંતરામપુર, કડાણા, લુણાવાડા અને બાલાસિનોરમાં વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી.

**વલસાડ**માં વરસાદને લઈ જનજીવન અસ્તવ્યસ્ત થયું. માત્ર વાપી તાલુકામાં છ ઇંચ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને લીધે નેશનલ હાઈ-વે તેમજ અન્ય રાજ્ય ધોરીમાર્ગો પર પાણી ભરાતા વાહનવ્યવહાર પણ ખોરવાયો.

**છોટા ઉદેપુર** જિલ્લાના પાવી જેતપુર ખાતે પાંચ ઈંચથી વધુ અને સંખેડામાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો.

**ભરૂચ** જિલ્લાના નેત્રંગમાં ચાર કલાકમાં સાડા ત્રણ ઇંચથી વધુ વરસાદ થતાં મોવી ગામથી ડેડીયાપાડા જતા માર્ગ પર પાણી ફરી વળ્યા.

રાજકોટ જિલ્લામાં વરસાદના પગલે જિલ્લાના વિવિધ બંધમાં નવા નીરની આવક થઈ છે.

**નર્મદા જિલ્લા**ના નાંદોદ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો. રાજપીપળાના કરજણ બંધમાંથી 11 હજાર 857 ક્યૂસેક પાણી કરજણ નદીમાં છોડાયું છે.

**પોરબંદરના** બરડા પંથકમાં આ મોસમનો પ્રથમ સરેરાશ 3 ઈંચ જેટલો વરસાદ પડતાં જ ખેડૂતોએ વાવણી શરૂ કરી.

. . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી પહેલી જુલાઈ સુધી સાર્વત્રિક વરસાદની આગાહી છે. દરમિયાન દાહોદ, મહીસાગર, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર આવતીકાલે અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, છોટા ઉદેપુર, ડાંગ અને તાપી, તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં આવતીકાલે ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત રથયાત્રાના દિવસે હળવોથી મધ્ય વરસાદ થઈ શકે છે. તેમજ રાજ્યમાં આગામી 28 જૂન સુધી વાવાઝોડું ફૂંકાવવાની પણ શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . . . . . . . . .

# TRAIN

વડોદરા મંડળમાં લીધેલા બ્લોકના કારણે મણિનગર-વડોદરા અને વડોદરા-મણિનગર ઇન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેન આવતીકાલે સંપૂર્ણપણે રદ્દ રહેશે. જ્યારે જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ અને વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે, તેમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .